


પ્રાંતિજ સ્થિત શાળા નં. ૧ માં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે. તાલુકા કક્ષાના આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમને પ્રાંતિજ તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં ડૉ. ગૌતમ નાયક, ડૉ. કાંતિભાઈ પ્રજાપતિ દ્વારા શાળાએ ભણવા જતા બાળકોની આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# માઝુમ પુલ પાસેની દિવાલની ગુણવત્તા બાબતે નાગરિકોમાં શંકા

વડાગામ, તા. ૧૩

વડાગામ નજીકમાંથી પસાર થતી માઝુમ નદી પાસે પાણીના ધોવાણથી જર્જરીત દિવાલની નવનીકરણનું કામ કાર્યરત છે ત્યારે આ દિવાલને ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓનો ઉપયોગ કરી મજબુત બનાવવામાં આવે જેથી વારંવારનું ધોવાણ અટકી શકે. તેમ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

ધનસુરા નજીકના વડાગામ સહિતના આસપાસના વિસ્તારના પંથકમાંથી માઝુમ નદી પસાર થાય છે. માઝુમ નદી પર વડાગામ નજીક પુલ બનાવવામાં ાવ્યો છે. પુલ નજીક વડા ગ્રામ પંચાયતની સીમમાં કેટલોક રહેણાંક વિસ્તાર પણ આવેલો છે. માઝુમ નદીના પુલ નીચે નદી કિનારે પાણી રહેણાંક વિસ્તારમાં ન પહોંચે તે માટે તંત્ર દ્વારા દિવાલ ઉભી કરવામાં આવી હતી. પરંતુ વારંવાર પાણીના ધોવાણથી આ દિવાલ જર્જરીત બની હતી. પરિણામે તંત્ર દ્વારા હાલ આ દિવાલનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે દિવાલના વારંવારના થતા ધોવાણને અટકાવવા તંત્ર દ્વારા યોગ્ય ગુણવત્તાવાળી ચીજવસ્તુઓનો ઉપયોગ કરી દિવાલને મજબુત બનાવવામાં આવે તેવી માંગ ગ્રામજનો કરી રહ્યા છે.



# પત્નિ સાથે વાત કરવા બદલ પતિએ ઠપકો આપતા યુવાને નાક વાઢી નાખ્યું

પાલનપુર પંથકના વડગામ તાલુકાના નાગલમોરીયા ખાતે આજે એક ચકચારી લજ્જાસ્પદ બનાવ બન્યો છે. વડગામના નાગલમોરીયા ખાતે ગામના એસ.ટી. બસ સ્ટેન્ડ પરના નાથાભાઈ ગમાભાઈ મકવાણાની પત્ની અને દિનેશ મેભાભાઈ મકવાણા વાતો કરતા હતા ત્યારે અચાનક જ નાથાભાઈ ત્યાંથી પસાર થતા તેમની પત્ની અન્ય પુરૂષ સાથે વાતો કરતી હતી તે જોતા જ જે મહાશય વાતો કરતા હતા તેની પાસે જી તુ કેમ મારી પત્ની સાથે વાતો કરે છે ?તેમ કહી ઠપકો આપવા જતા જે શખ્સ વાતો કરતો હતો તે દિનેશ મકવાણા અચાનક ઉશ્કેરાઈ ગયો હતો અને તેની પાસે રહેલી છરી કાઢી મહિલાના પતિ નાથાભાઈના નાક પર ફેરવી દેતા તેનું થોડુ નાક કપાઈ ગયુ હતુ. પરિણામે લોહી નિતરતી હાલતમાં સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ગામમાં જાણ થતાં ચકચાર સાથે શરમની લાગણી પ્રસરી છે. આ બનાવ સંદર્ભે નાથાભાઈ મકવાણાએ પોલીસ ફરિયાદ નોંધાવી હોવાનું પણ જાણવા મળ્યું હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# મોડાસાના વરથુ ગામના આશાસ્પદ ઈજનેર વિદ્યાર્થીનું રાજકોટ નજીક અકસ્માત થતાં મોત : ગામમાં આક્રંદ છવાયો

મોડાસા, તા.૧૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના વરથુ ગામના પ્રવીણભાઈ લખાભાઈ પટેલના યુવાન પુત્ર હર્ષીલ (ઉ.વ. ૧૮)નું રાજકોટ-ભાવનગર હાઈવે પર આવેલ કાળીપાટ ગામે અકસ્માતમાં મૃત્યુ નિપજતાં મોડાસા શહેરના વરથુ ગામમાં શોકનું વાતાવરણ અને રાજકોટની આર્ષ મહાવિદ્યાલયમાં પણ ગમગીની છવાઈ ગઈ છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના વરથુ ગામના વતની અને હાલ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા પ્રવીણભાઈ લખાભાઈ પટેલને બે પુત્રો હતા જેમાંથી મોટા પુત્ર હર્ષીલને વધુ અભ્યાસ અર્થે રાજકોટની આર્ષ મહાવિદ્યાલયમાં ઈલેકટ્રીક ઈજનેરી શાખામાં ભણવા મુકયો હતો અને રાજકોટની રાજાપાર્ક સોસાયટીમાં રૂમ ભાડે રાખી રહેતો હતો.

ગઈ કાલે સવારે તેના સહાધ્યાયી મિત્ર રાજકોટની પૂર્ણિમા સોસાયટીમાં રહેતો સિધ્ધાર્થ રવજીભાઈ ગોહેલ બંને મિત્રો બુધવારે સવારે આર્ષ મહાવિદ્યાલયમાં બાઈક લઈને અભ્યાસ અર્થે નીકળ્યા હતા દરમિયાન જાણે મોત તેમની રાહ જોઈ રહ્યું હોય તેમ વિદ્યાલયની નજીક ભરાડ સ્કૂલ બસને ઓવરટેઈક કરવા જતાં સામેથી આવતા ભારે વાહનથી બચવા બસના ડ્રાઈવરે બ્રેક મારતા ઓવરટેઈક કરી રહેલી બાઈકને પાછળથી જીવલેણ ટકકર મારતા આ બંને આશાસ્પદ યુવાનોના કરુણ મોત નિપજ્યા હતા. બંને વિદ્યાર્થીઓના મોતથી રાજકોટની હોસ્પિટલમાં શોકનું મોજુ ફેલાઈ ગયું હતું. આ ગોઝારી ઘટનાની જાણ મૃતક હર્ષિલના માદરે વતન વરથુ ગામમાં થતાં આખું ગામ હિબકે ચડયું હતું.



(તસવીર : જય અમીન, મોડાસા)


# નાડા ગામના રસ્તાના પ્રશ્નો ઉકેલાશે

ખેડબ્રહ્મા,તા. ૧૩

પોશીના તાલુકાના નાડા ગામ સહીતના ગામોના પાકા રસ્તાની માંગણી વર્ષોથી લટકતી રહેતાં લોકો દ્વારા અચોક્કસ મુદતની ભૂખ હડતાલની ચીમકીના પગલે તંત્ર દ્વારા સર્વે કરી રસ્તા અંગે કાનુની પ્રક્રિયા બાદ પાકા રસ્તા બનાવવાની ખાત્રી મળતાં આંદોલન મુલતવી રાખવામાં આવ્યું હતુ અને બુધવારના રોજ તંત્ર દ્વારા રસ્તાનું સર્વે શરૂ કરવામાં આવતા પંથકના લોકોમાં ખુશી ફેલાઈ જવા પામી છે.

પોશીના તાલુકાના નાડા-માલવાસ-મોબતપુરા-મીઠીવેડી-દાસકુવો-તળાવકુવો તથા કસ્તારકુવાના લોકોની પાકા રસ્તાની વર્ષોજુની માગણી ન સંતોષાતા લોકો દ્વારા અચોક્કસ મુદતની ભૂખ હડતાલ કરવાની તંત્રને જાણ કરવામાં આવી હતી. જેથી તંત્ર હરકતમાં આવ્યું હતું. અને ગામ લોકો અને નાડા સરપંચ રૂમાલભાઈ ધ્રાંગી સાથે વાટાઘાટો શરૂ કરી હતી અને આ ગામોના ચાર રસ્તાનું સર્વે કરી રસ્તા માટે ઘટતી કાનુની કાર્યવાહી કરવાની ખાત્રી આપવામાં આવતા લોકો દ્વારા ઉપવાસ આંદોલન મુલતવી રાખવામાં આવ્યું હતું. તંત્રની ખાત્રીના પગલે જિલ્લા પંચાયતના બાંધકામ વિભાગના ઈજનેર જી.ડી. વસાવા તથા કર્મચારીઓ દ્વારા બુધવારના રોજ રસ્તાનું સર્વેહાથ ધરવામાં આવતા નાડા સહીતના ગામોના લોકોમાં ખુશી ફેલાઈ જવા પામી છે.

આ અંગે બાંધકામ વિભાગના ઈજનેર જી.ડી. વસાવાએ જણાવ્યું હતુ કે આ ગામોના ચાર રસ્તાની માગણી અંગે બુધવારના રોજ સર્વેહાથ ધરવામાં આવ્યું છે. આ રસ્તા માટે ખાનગી માલીકીની જમીન તથા જંગલ ખાતાની જમીન સંપાદીત કરવાની થાય છે જે અંગે કાનુની પ્રક્રિયા પૂર્ણ કરી રસ્તાના પ્લાન એસ્ટીમેન્ટ બનાવવાની કાર્યવાહી કરવામાં આવશે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# દ્વારકેશ સોસાયટીમાં સફાઈના સંસ્કાર દેખાયા

ભારતના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધીએ પ્રબોધેલ 'સફાઈ સંસ્કાર'ને જન-જન સુધી લઈ જવા જોરદાર પ્રયાસ કર્યા છે. આ અભિયાનમાં ગાંધીનગરના ક-રોડ પરની દ્વારકેશ સોસાયટી પણ જોડાઈ છે. અભિયાનને એકાદ દિવસ પુરતુ સાંકેતીક નહીં રાખતા દર ૧૫ દિવસે ઉજવવાનો દ્વારકેશવાસીઓએ સુસંકલ્પ કર્યો છે. આ આભિયાનની બે ઉજવણી બાદ એકતા, નવો ઉત્સાહ, સ્વચ્છતા અને સકારાત્મક વિચારની અનુભૂતિ થઈ રહી છે. સોસાયટી તથા આજુબાજુના વિસ્તારમાં ઉંમરના બાધ વગર નાના બાળકો, બહેનો, વડીલો એમ બધા દ્વારકેશવાસીઓને સાથે મળી સફાઈ કરતા જોવા મળે છે.

# ગાંધીનગરની જાસપુર ગ્રામ પંચાયત મહિલા સશક્તિકરણનું સચોટ ઉદાહરણ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાનું કલોલ તાલુકાના જાસપુર ગામે ગ્રામજનોના સાથ-સહાકર દ્વારા વિવિધ વિકાસ કામો, ગ્રામ પંચાયતનો સુયોગ્ય વહિવટ, ગામનો જાતિદર, પંચવટી, પીવાના પાણીનો શુદ્ધિકરણ પ્લાન્ટ, સી.સી. રોડ, સ્ટ્રીટલાઈટ, ગટરલાઈન, વીજળીકરણ, શૌચાલય, કરવેરા વસુલાત અને સ્વભંડોળની આવક ઉભી કરીને તમામ ક્ષેત્રે ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ કરીને ગાંધીનગર જિલ્લાની શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તરીકે જાહેર થઈ છે.

જાસપુર ગ્રામપંચાયતના મહિલા સરપંચ શ્રીમતી સુર્યાબેન દિનેશભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયતના તમામ સદસ્યો અને ગ્રામજનોના સાથ સહકારથી છેલ્લાં અઢી વર્ષમાં વિવિધ વિકાસકામોની સમીક્ષા કરીને જિલ્લાની મુલ્યાંકન સમિતિએ જાસપુર ગામને સૌથી વધુ ૮૯ માર્કસ આપીને શ્રેષ્ઠ ગ્રામ પંચાયત જાહેર કરી છે. જેની હવે રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તરીકેની દરખાસ્ત કરવામાં આવી છે. જાસપુર ગામના તલાટી-કમ મંત્રીશ્રી નટુભાઈ પી. ચૌધરીએ જણાવ્યું હતુંકે, જાસપુર ગામને નિર્ણળ ગામ તરીકે પણ જાહેર કર્યુ છે. ૮૦૦ કુટુંબ અને પટેલ, ઠાકોર, પ્રજાપતિ અને અનિસૂચિત જાતિની ૩૨૦૦ જેટલી વસ્તી ધરાવતા આ ગામમાં રાજ્ય સરકારના શૌચાલય અભિયાન અન્વયે ૧૪૫ જેટલાં શૌચાલય બનાવી ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂર્ણ કરેલ છે.

જાસપુર ગામે સ્વચ્છ ગામ, સ્વચ્છ ગુજરાત, સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ઘરદીઠ બે પ્રમાણે ૧૬૦૦ નંગ ડસ્ટબીન, ધન કચરા માટે મહોલ્લા દીઠ ૨૦ નંગ ડ્રમ, હાથલારીઓ, ગામ તળાવ પૂર નિયંત્રણ દિવાલ, રિ-ચાર્જ બોર તથા બે જાહેર સ્નાનગૃહનું નવીન વિકાસ કામોમાં સમાવેશ કરાયો. રાજય સરકારના કૃષિ, આરોગ્ય અને સ્વચ્છતાલક્ષી જનજાગૃતિના કાર્યક્રમો દ્વારા બાળકો અને લોકોમાં જનજાગૃતિનો વ્યાપક પ્રચાર-પ્રસાર પણ કરવામાં આવે છે.

## શબ્દાવલી - ૫૫૫૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | ■ | ■ | ■ | ૮ | |
| ૯ | | ■ | ૧૦ | | ૧૧ | ■ | |
| | ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ |
| ■ | ૧૪ | | | ૧૫ | | ■ | ૧૬ |
| ૧૭ | | | ■ | ૧૮ | | ૧૯ | |
| ૨૦ | | ■ | ૨૧ | | ■ | ૨૨ | |
| ૨૩ | | | | ■ | ૨૪ | | ■ |

### આડી ચાવી

૧. ચિંતા, ફિકર (૩)
૪. આરાધ્ય દેવને કરાતી પ્રાર્થના (૪)
૭. ઓલિયો, ભલુ ઇચ્છનાર - કરનાર (૩)
૮. નથડી, ચુની (૨)
૯. ગરમ વસ્તુ શરીર પર ચાંપી દે તેને... આપ્યો કહેવાય (૨)
૧૦. ફિટકાર (૩)
૧૨. બહાદુર (૨)
૧૩. ફરજ, જવાબદારી (૨)
૧૪. અવ્યવસ્થા, અંધાધુંધી (૫)
૧૭. મહાચાલક, ચતુર (૩)
૧૮. દ્વાર, બારણુ (૪)
૨૦. ગરબાનો એક પ્રકાર (૨)
૨૧. ખાવાની ચીજ (૨)
૨૨. મડદુ (૨)
૨૩. એક દમ તાજુ, ફ્રેશ (૪)
૨૪. રંગ (૨)

### ઊભી ચાવી

૧. ભય, બીક (૪)
૨. કરમીયા, કૃમી (૩)
૩. રાહ, પંથ (૨)
૫. માલ-મિલ્કત, સંપત્તિ (૨)
૬. અંકુશમાં લાવવું (૩)
૧૦. ધૈર્યતા (૩)
૧૧. ગતિ (૪)
૧૨. ઉજ્જડ, વેરાન (૩)
૧૪. જૈનોનું દેરાસર (૪)
૧૫. ડગલુ, પગ (૩)
૧૬. જોડ સરસ ના હોય તેવું (૩)
૧૭. દાન-ધર્મ (૩)
૧૯. ભગવાનનો એક અવતાર... અવતાર, ઠીંગુજી (૩)
૨૧. મોજ-ખુશીમાં (૨)

### શબ્દાવલી ૫૫૫૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરાજીત (૪) લેઝીમ (૬) કસમ (૭) કંબલ (૮) ખારેક (૧૦) રદ (૧૪) તમાશા (૧૬) માવતર (૧૮) બાવળ (૧૯) રસાયણ (૨૦) વડી (૨૧) ગન (૨૨) વિનીયોગ

**ઊભી ચાવી :-** (૧) પકવાન (૨) રાસ (૩) જીમખાનુ (૪) લેબ (૫) ઝીલ (૭) કંકર (૯) ટંકશાળ (૧૧) દતબાવની (૧૨) અવસાન (૧૩) મારણ (૧૫) માવડીયો (૧૬) મારગ (૧૭) તય

## સ્વચ્છતા અભિયાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત ગંદા પાણીના નિકાલ તેમજ પાણીની ગુણવત્તા અંગે પણ વિદ્યાર્થીઓમાં સમજ કેળવાય તે માટે માર્ગદર્શન આપવામાં આવશે. બાળકોમાં સ્વચ્છતા અંગે વ્યકિતગત જાગૃતિ કેળવાય તેવા આશય સાથે સ્થાનિક તજજ્ઞો દ્વારા સ્વચ્છતા અને આરોગ્ય સંદર્ભે માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. આ દરમિયાન સ્વચ્છ વર્ગખંડ અંગે શાળાઓમાં સ્પર્ધા પણ યોજવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડે જણાવ્યું હતું કે સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓમાં તમામ પ્રકારની ટેવો કેળવાય તેવા પ્રયાસો હાથ ધરાશે.

## મહિલા ગેંગ સક્રિય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતું નથી! વૃદ્ધ કર્મચારી વાતમાં ભોળવાઈ ગયા અને બોલી ઉઠયા કે હું મુકી જવું... બોલો તમે કયાં રહો છો? સે-૨૯માં મુકી જવા મહિલાએ કહેતા વૃદ્ધે તેણીને બેસાડી દીધી અને સે-૨૯ તરફ લઈ ગયા..! સે-૨૯માં જર્જરીત મકાનો આવ્યા એટલે વૃદ્ધે કહ્યું અહીં કયાં છે મકાન? મહિલાએ થોડું હજુ દૂર... કહેતા બાઈક આગળ જવા દીધું..! આગળ સીધી ઝાડીઓ આવી જતાં વૃદ્ધને શંકા ગઈ અને મહિલાને ઉતરી જવા કહ્યું...મહિલાએ તેનું અસલી રૂપ બતાવી દીધું...! વૃદ્ધની ફેંટ પકડીને સોનાનો દોરો ખેંચી લીધો અને મહીલાએ પોતાના કપડા ફાડવાનું તરકટ શરુ કરતાં વૃદ્ધ બાઈક લઈને ભાગી ગયા..! વૃદ્ધ સાથે બનેલી કરુણ ઘટનાનો અંત અહીં નથી આવતો વૃદ્ધ સીધા પોલીસ સ્ટેશન ગયા અને સમગ્ર ઘટનાની જાણ કરી ફરિયાદ નોંધાવવા પ્રયત્ન કર્યો. પોલીસે બીજે દિવસે આવવા કહ્યું તો વૃદ્ધ ફરિયાદ લખાવવા બીજે દિવસે ગયા. અને પોલીસ તરફથી જાણવા મળ્યું કે શેની ફરિયાદ..? તમે શું કામ મહિલા સાથે ગયા હતા? શું કર્યું તમે તેણીની સાથે? સ્તબ્ધ થઈ ગયેલા વૃદ્ધ કંટાળીને ઘરે આવી ગયા...! નોંધનીય બાબત છે કે આવા કિસ્સા સેકટરોના સર્કલ ઉપરાંત ચિલોડા સર્કલ, આંતરીક માર્ગો પર પણ બન્યા હોવાનું જાણવા મળ્યું છે પરંતુ પોતે ફસાઈ જશે તેમ માનીને આબરુ જવાના ડરે પોલીસ ફરિયાદ કરવાનું ટાળે છે...!

## સર્વેલન્સ કરવાનો વ્યુહ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આખી કાર્યયોજના તૈયાર કરી છે. આ આખાય આયોજન પાછળ રૂ. ૧.૮૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. આ ખર્ચ સ્વભંડોળમાંથી કરવાનો થાય તેથી સામાન્યસભાની મંજુરી લેવી આવશ્યક છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ આગામી ૨૮મી નવેમ્બરના રોજ મળનાર પંચાયતની સામાન્યસભામાં આ મુદ્દો સમાવવામાં આવ્યો છે. જેના પર સભાની મંજુરી બાદ આગળ વધવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈની કામગીરી સંપન્ન થયા બાદ હવે રોજે રોજ જે કચરો ઉત્પન્ન થાય છે તેનો યોગ્ય નિકાલ પણ કરવામાં આવી રહ્યો છે. પંચાયતમાં સ્વચ્છતા અભિયાનના મોનીટરીંગની સાથે સાથે કર્મચારીઓની નિયમિતતાનું મોનીટરીંગ પણ એક હેતુ હોવાનું જાણવા મળેલ છે.

## યુનિવર્સિટી શરૂ કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાળક કયારેય માંદગી-બિમારીનો ભોગ જ બને નહિ.

આ સંદર્ભમાં તેમણે આ હેલ્થ યુનિવર્સિટી આરોગ્ય માવજતનું લોકશિક્ષણ, રોગ નિવારણના મૂળભૂત ઉપાયો અને સ્વચ્છતા-સફાઈ, શુધ્ધતાનું આધુનિક જ્ઞાન-વિજ્ઞાન આપતું તંદુરસ્ત સમાજનું ે-રણા કેન્દ્ર બની રહેશે તેવી અપેક્ષા વ્યકત કરી હતી.

શ્રીમતી આનંદીબહેન પટેલે વર્તમાન જીવન વ્યવસ્થા અને ખાન-પાન આદતોને કારણે બાલ્યાવસ્થાથી જ બાળકો હ્રદયરોગ, ડાયાબિટીઝ, લોહતત્વની ઉણપ જેવા સંકુલ રોગનો ભોગ બની જાય છે તે અંગે ચિંતા વ્યકત કરતાં ઉમેર્યુ કે, સગર્ભાવસ્થા દરમ્યાન માતાની ખાન-પાન ટેવ, આરોગ્ય -ત્યેની કાળજી અને પોષણક્ષમ આહાર-વિહાર લેવાય અને બાળક જન્મથી જ તંદુરસ્ત રહે તે માટે સમાજમાં વ્યાપક જનચેતના આવશ્યક છે. આ માટે તેમણે સ્વસ્થ શરીર, સુઆરોગ્ય માટેના નિયમોને જીવનમાં ઉતારવાનું ે-રક માર્ગદર્શન આપ્યું હતું.

આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રાજયની ઉજ્જવળ આવતીકાલની ચિંતા સેવીને સરકારે આરોગ્ય સેવાનું આ મહાઅભિયાન શરૂ કર્યુ છે, તેમાં -જાહિતકારી શાસનની ભાવના અભિ-ત છે, તેમ -ાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું.

આરોગ્ય રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ આ સમગ્ર અભિયાનને ભકિત-પૂજા જેવા પવિત્ર ભાવથી આરોગ્ય કર્મીઓ ઉપાડી લે તેવી ે-રણા આપી હતી. આરોગ્ય સુરક્ષાના આવા જનઅભિયાન અને રોગ નિયંત્રણના ઉપાયોથી બાળ આરોગ્યની કવોલિટીમાં પરિવર્તનનું શ્રેય તેમણે ગતિશીલ સુશાસન અને માતૃવાત્સલ્ય મૂર્તિ મુખ્યમંત્રીશ્રીને આપ્યું હતું. રાજય સરકારની આરોગ્યલક્ષી સહાયથી વાલ્વની-હ્રદયની બિમારીમાંથી સાજા થયેલા ત્રણ ભૂલકાંઓના વાલીઓએ કૃતજ્ઞ ભાવે આ અભિયાનની -સંશા કરી હતી.

## સે.૨૪માં છુરાબાજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાકડી વડે હુમલો કર્યો હતો અને બંને હુમલાખોર બાપ-દિકરા ભાગી ગયા હતાં. ઘાયલ બંને ભાઈઓને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા તો બીજી તરફ આ ઘટના બાદ આજે બપોરે ઈન્દીરાનગર વિસ્તારમાં તંગદીલી સર્જાઈ હતી એક ટોળુ બસ્મીલ્લા મટન શોપમાં પહોંચી ગયું હતું અને તોડફોડ કરી બકરા બાંધવા બનાવેલું છાપરું તથા સ્કુટરને આગ ચાંપી દીધી હતી. જો કે પોલીસ અને ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લઈ લીધી હતી. પરિસ્થિતિ તંગ બનતા ડીએસપી શરદ સિંઘલ તથા એસીબી, એસઓજીની ટીમ ઉપરાંત સ્થાનિક પોલીસ તાબડતોબ ઘટના સ્થળે આવી ગઈ હતી. ડીએસપીએ મામલો વણસે નહી તે માટે પોલીસને સ્ટેન્ડ ટુ રહેવા આદેશ આપી દીધો છે અને બીજી તરફ એક આરોપી સદામ કુરેશીની ધરપકડ કરી લીધી છે. સમગ્ર ઘટનાની તપાસ એસ.સી., એસ.ટી. સેલના ડીવાયએસપીને સોંપવામાં આવી છે.

## હયાત મકાન તોડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પંચાયતના નવા મકાન માટે વારંવાર જમીનની માંગ કરવામાં આવી છે. છતાં સરકાર દ્વારા કોઈ જ પ્રતિસાદ સાંપડ્યો નથી. છેલ્લે માર્ચ-૨૦૧૪ અને સપ્ટેમ્બર-૧૪ માં પણ રજુઆત જગ્યા ફાળવવા માટે કરવામાં આવી હતી.

હવે પંચાયતે હાલનુ મકાન તોડી નવીન મકાન બાંધવાની મંજૂરી માંગી છે. જેમાં રેકર્ડરૂમ સહિતની સુવિધા તેમજ બહુમાળી મકાન બનાવી બેસવા માટેની પુરતી સુવિધા ઉપલબ્ધ થઈ શકે. આ મકાનના બાંધકામ માટે રાજ્ય સરકાર ખાસ સહાય આપે તેવી પણ માંગણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવી ઓફિસ માટે જગ્યા ફાળવણીનો મુદ્દો ચર્ચામાં આવતાં જ રાજકીય માહોલ ગરમાયો છે. જો કે ૨૮મીએ મળનાર સામાન્ય સભામાં હવે આ પ્રસ્તાવ પસાર કરાય અને સરકારમાં જાય પછી શું પ્રતિસાદ મળે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

**Gujarat Electricity Regulatory Commission (GERC)**

6th Floor, GIFT ONE, Road 5-C, Zone-5, GIFT CIY, Gandhinagar - 382355
Ph : 079-2360 2000, Fax : 079-23602054/55
Email : gerc.gercin.org

**(Last Date of Submission of Application 15th December 2014)**

Application are invited for the post of Electricity Ombudsman under Section 42(6) of the Electricity Act, 2003.

**No of Post** : 1 Full time

**Eligibility** : The following category of persons shall be eligible to be appointed as Ombudsman :

- A retired district judge, or
- A retired secretary to State Government; or
- Any person who has held the position of member or chairperson of any statutory quasi-judicial body at the state level for at least 3 year; or
- A retired chief electrical inspector / chief engineer having experience in electricity industry preferably distribution business.

The Ombudsman shall hold office for a period of 3 (three) years. The tenure may be extended for a further period exceeding 2 (two) years.

No person above the age of 65 years shall be appointed as Ombudsman.

**Remuneration and other benefits :**

Consolidated Remuneration of Rs. 50000/- per month plus transportation allowance of Rs. 5000/-

Duties and functions will be according to GERC (Appointment of Ombudsman) Regulations, 2004, which is available on the GERC web-site www.gercin.org

Eligible persons may apply with full bio-data including educational and professional qualifications and experience to Gujarat Electricity Regulatory Commission on or before 15th December 2014.

**Dilip Raval, IAS,**
**Secretary, GERC**

INF/1623/2014-15